## સમર્થ વિદ્વાન, વાદકુશળ, પ્રખર પ્રભાવી અને પરમ ઉપકારી

# આચાર્યશ્રી વિજયસેનસૂરિજી મહારાજ

આચાર્ય વિજયસેનસૂરિ તપાગચ્છ શ્રમણપરંપરાના એક પ્રબળ પ્રભાવી આચાર્ય હતા. તેઓ વિદ્વાન અને વાદમાં સમર્થ હતા. તેમના હસ્તે જૈનશાસનની પ્રભાવનાને વિસ્તારનારાં વિવિધ કાર્યો થયાં હતાં. શ્રી વિજયસેનસૂરિ હીરવિજયસૂરિના શિષ્ય અને પટ્ટધર હતા. તેમના દીક્ષાદાતા શ્રી હીરવિજયસૂરિના ગુરુ શ્રી વિજયદેવસૂરિ હતા.

શ્રી વિજયસેનસૂરિનો જન્મ વિ. સં. ૧૬૦૪માં ફાગણ સુદિ પૂનમના, નાડલાઈ (મારવાડ)માં થયો હતો. તેમના પિતાનું નામ કર્માશાહ અને માતાનું નામ કોડમદે હતું. અને તેમનું પોતાનું નામ જયસિંહ હતું. પિતા કર્માશાહે વિ. સં. ૧૬૧૧માં શ્રી વિજયદાનસૂરિના હસ્તે દીક્ષા અંગીકાર કરી, શ્રી હીરવિજયસૂરિના શિષ્ય બની, મુનિ કમલવિજય નામ ધારણ કર્યું હતું. માતા કોડલદેની ભાવના પણ દીક્ષા લેવાની હતી; પરંતુ પુત્ર જયસિંહને હજુ આઠ વર્ષ પણ પૂરાં થયાં ન હોઈ, પોતાના ભાઈ જયતોને ત્યાં પાલી શહેર બે વર્ષ રહ્યાં, અને વિ. સં. ૧૬૧૩માં, સુરતમાં, શ્રી વિજયદાનસૂરિ પાસે તેઓએ અને પુત્ર જયસિંહે દીક્ષા ગ્રહણ કરી. તેઓનાં નામ અનુક્રમે સાધ્વી કલ્યાણશ્રીજી અને મુનિ જયવિમલ રાખવામાં આવ્યાં. મુનિ જયવિમલને શ્રી હીરવિજયસૂરિના શિષ્ય બનાવી શ્રી વિજયદાનસૂરિએ થોડા સમય બાદ પાટણ, તેમના ગુરુ પાસે મોકલ્યા. મુનિ જયવિમલે ગુરુ પાસે રહી વ્યાકરણ, કોશ, સાહિત્ય, છંદ, ન્યાય અને જિનાગમોનો ઊંડો અભ્યાસ કર્યો. ગુરુદેવે વિ. સં. ૧૬૨૬માં ખંભાતમાં તેમને પંન્યાસપદ આપ્યું, અને સં. ૧૬૨૮માં, અમદાવાદના અહમદપરામાં શ્રેષ્ઠિ મૂળા શેઠે કરેલ ઉત્સવમાં આચાર્યપદ આપી, તેમનું નામ આચાર્ય વિજયસેનસૂરિ રાખ્યું.

આચાર્ય વિજયસેનસૂરિમાં તેમના સમર્થ ગુરુ શ્રી હીરવિજયસૂરિના ઘણા ગુણો ઊતર્યા હતા. લગભગ તેઓશ્રી પોતાના ગુરુ જેટલા જ સમર્થ અને પ્રભાવી હતા. વિ. સં. ૧૬૩૨માં સુરતના ચાતુર્માસમાં તેમણે દિગંબર ભટ્ટારકને વાદમાં હરાવ્યા હતા. શ્રી હીરવિજયસૂરિ જ્યારે અકબર બાદશાહના નિમંત્રણથી ફતેહપુર સીક્રી ગયા ત્યારે ત્યાં આજુબાજુમાં ચારેક વર્ષની સ્થિરતા દરમ્યાન શ્રી વિજયસેનસૂરિએ ગચ્છની જવાબદારી સંભાળી લીધી હતી, અને ગુજરાતમાં રહી સારી એવી શાસનોન્નતિ કરી હતી. જ્યારે શ્રી હીરવિજયસૂરિ ગુજરાત તરફ આવવા નીકળ્યા ત્યારે તેમણે બાદશાહને તેના અતિ આગ્રહથી વચન આપ્યું હતું કે, "હું ગુજરાત જઈને મારા પટ્ટશિષ્ય વિજયસેનસૂરિને મોકલીશ." આ વાતને ત્રણેક વર્ષ થતાં અકબર બાદશાહે શ્રી હીરવિજયસૂરિને લખી જણાવ્યું કે, "હવે તમે તમારા પટ્ટધર શ્રી વિજયસેનસૂરિને લાહોર મોકલો."

શ્રી વિજયસેનસૂરિએ વિ. સં. ૧૬૪૯માં ગુરુની આજ્ઞા થતાં રાધનપુરથી વિહાર કરી પાટણ, આબુ સિરોહી, રાણકપુર, નાડલાઈ, વૈરાટનગર, મહીમનગર, લુધિયાણા થઈ લાહોર પધાર્યા હતા. અકબર બાદશાહ શ્રી વિજયસેનસૂરિની વિદ્વત્તાથી ખૂબ પ્રભાવિત થયા અને તેમના ઉપદેશથી જીવદયાનાં કેટલાંક વધુ ફરમાનો જાહેર કર્યાં; જેવાં કે, ગાય, બળદ, પાડા ને ભેંશની

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

હિંસા ( કતલ ) કરવી નહીં; અપુત્રીયાનું દ્રવ્ય લેવું નહીં, ગુલામ તરીકે કોઈને પકડવા – રાખવા નહીં. એક પ્રસંગે શ્રી વિજયસેનસૂરિએ રાજસભામાં ઈશ્વિર, સૂર્ય અને ગંગા નદી પ્રત્યેની જૈનોની માન્યતાને સિદ્ધ કરી બતાવી ઇતિર વર્ગની મુરાદને નિષ્ફળ બનાવવા સાથે સૌને અતીવ પ્રભાવિત કર્યા હતા. બાદશાહ અકબરે ત્યારે તેમને ‘ સવાઈ હીર ’નું બિરુદ આપ્યું હતું. શ્રી વિજયસેનસૂરિએ ત્રણેક વર્ષ લાહોર અને આસપાસ વિચરી, વિ. સં. ૧૬૫૨માં ગુરુદેવ હીરવિજયસૂરિના નરમ સ્વાસ્થ્યના સમાચાર જાણી ગુજરાત તરફ વિહાર કર્યો. પાટણ ચાતુર્માસ હતા ત્યાં જ ઉનાથી ગુરુદેવના સ્વર્ગવાસના સમાચાર જાણી અત્યંત આઘાત અનુભવ્યો. ત્યાર પછી ગચ્છનાયકપદની જવાબદારી આચાર્ય શ્રી વિજયસેનસૂરિએ સંભાળી હતી.

શ્રી વિજયસેનસૂરિના હસ્તે કાવી, ગંધાર, ચાંપાનેર, અમદાવાદ, ખંભાત, પાટણ આદિ અનેક ગ્રામ–નગરોમાં લગભગ ચાર લાખ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા થઈ હતી. આ ઉપરાંત તારંગા, શંખેશ્વર, શત્રુંજય, પંચાસર, રાણકપુર, આરાસણ આદિ તીર્થસ્થાનોના જિનાલયોનો જીર્ણોદ્ધાર પણ તેઓશ્રીએ કરાવ્યો હતો. તેમણે ‘ સુમતિ રાસ ’ અને સૂક્તાવલી ગ્રંથ રચ્યાનો ઉલ્લેખ સાંપડે છે. શ્રી વિજયસેનસૂરિ વિ. સં. ૧૬૭૧માં ખંભાત પાસેના અકબરપુરમાં, ૬૭ વર્ષની વયે, ૫૮ વર્ષનો દીક્ષાપર્યાય પાળી સ્વર્ગવાસ પામ્યા હતા.

---

## બાદશાહ જહાંગીર પાસેથી ‘ જહાંગીરી મહાતપા ’નું બિરુદ મેળવનાર, પ્રભાવશાળી સંઘનાયક, મહાન તપસ્વી

# આચાર્યશ્રી વિજયદેવસૂરિ મહારાજ

આચાર્ય વિજયદેવસૂરિ સમર્થ વિદ્વાન, મહાન તપસ્વી પરમ પ્રભાવક જૈનાચાર્ય હતા. શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ અંતર્ગત જે ‘ વિજયદેવસૂર સંઘ ’ આજે પ્રસિદ્ધ છે તે તેમના નામનો જ દ્યોતક છે. શ્રી વિજયદેવસૂરિના ગુરુ શ્રી વિજયસેનસૂરિ અને દાદાગુરુ શ્રી હીરવિજયસૂરિ હતા. આ ત્રણે સમર્થ આચાર્યોએ તેમના સમયના મોગલ સમ્રાટો અકબર. જહાંગીર અને શાહજહાંને પ્રતિબોધી ભારતવર્ષમાં જીવદયા પ્રવર્તાવવાનું મહાન કાર્ય કર્યું હતું.

શ્રી વિજયદેવસૂરિનો જન્મ ‘ ઉકેશ ’ જ્ઞાતિના મહાજન પરિવારમાં વિ. સં. ૧૬૩૪માં ઈડરમાં થયો હતો. તેમના પિતાનું નામ થીરા અને માતાનું નામ રૂપાદેવી હતું. અને તેમનું પોતાનું નામ વાસુદેવકુમાર હતું. વાસુદેવનાં માતાપિતા ધાર્મિક વિચારનાં હતાં, એટલે વાસુદેવને બાળપણથી ધાર્મિક સંસ્કારો મળ્યા હતા. બાળ વાસુદેવનું મન ઉત્તરોત્તર ત્યાગ તરફ ઢળતું ગયું અને એક દિવસ, ૧૦ વર્ષની બાલ્યવયમાં જ ત્યાગમાર્ગે જવાનો સંકલ્પ કર્યો. માતા રૂપાદેવી પણ દીક્ષા લેવા તત્પર બન્યાં. બંનેની દીક્ષા અમદાવાદ – હાજા પટેલની પોળમાં શ્રી વિજયસેનસૂરિના વરદ હસ્તે વિ. સં. ૧૬૪૩માં સમ્પન્ન થઈ. બાળ વાસુદેવનું નામ મુનિશ્રી વિદ્યાવિજય રાખવામાં આવ્યું. નામ પ્રમાણે તેઓ વિદ્યાનું ઉપાર્જન કરવા તત્પર થયા. તેમની યોગ્યતાથી પ્રભાવિત

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org